પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૫૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૯-૦૬-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 253 PRICE :-RS. 1.50 DATE : 19-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગાંધીનગર IIT અને અન્ય સંસ્થા દ્વારા રિસર્ચ કરવામાં આવ્યું

## અમદાવાદમાં સાબરમતી નદી, કાંકરિયા અને ચંડોળા તળાવમાંથી કોરોના વાયરસ મળતા હડકંપ

અમદાવાદ,

કોરોના વાયરસે દુનિયાભરમાં હાહાકાર મચાવી દીધો છે. કોરોના પર અલગ અલગ સંશોધનો થયા છે, જેમાં પ્લાસ્ટિક પર, પિત્તળ પર, કપડા પર તેમજ અન્ય વસ્તુઓ પર કોરોના વાયરસ કેટલો સમય રહે છે તેના પર રિસર્ચ થતું હતું. પરંતુ કોરોના વાયરસ ગંદા પાણીમાં પણ મળી આવ્યો છે. ગાંધીનગર આઈઆઈટી અને અન્ય સંસ્થા દ્વારા એક રીસર્ચ કરવામાં આવ્યું છે. જેમાં સાબરમતી નદી અને ચંડોળા તળાવના પાણીમાં કોરોના વાયરસની હયાતી મળી આવી છે.



અમદાવાદમાં પાણીમાં પણ કોરોના વાયરસ જોવા મળવાના અહેવાલ પ્રગટ થયા બાદ ચારેબાજુ ચર્ચા વહેતીઓ થવા માંડી છે. અમદાવાદની વચ્ચોવચ રહેલા ત્રણ તળાવોના પાણીમાંથી સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાં કોરોના વાયરસ મળી આવ્યો છે. એટલું જ નહીં, સાબરમતી નદી સિવાય અમદાવાદના બે મોટા તળાવ (કાંકરિયા, ચંડોળા)માંથી પણ કોરોના વાયરસ મળી આવ્યો છે. તમને જણાવી દઈએ કે સાબરમતી નદી પહેલા ગંગા નદીમાંથી અલગ અલગ ગટરોમાંથી કોરોના વાયરસ મળી આવ્યો હતો. પરંતુ હવે પ્રાકૃતિક જળમાં આ પ્રકારનો વાયરસ મળવાથી હવે ચિંતા વધી ગઈ છે.

ગાંધીનગર આઈઆઈટીએ અમદાવાદની સાબરમતી નદીમાંથી સેમ્પલ લીધા હતા અને તેનો અભ્યાસ કર્યો હતો. જેમાં પ્રોફેસર મનીષ કુમારે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન પાણીના સેમ્પલમાંથી કોરોના વાયરસને ઓળખી શકાયો છે, જે ઘણો ખતરનાક છે. આ રિચર્સને લઈને આઈઆઈટી ગાંધીનગરના પૃથ્વી અને વિજ્ઞાન ભવનના પ્રોફેસર મનીષ કુમારે જણાવ્યું હતું કે, પાણીમાંથી આ સેમ્પલ નદીમાંથી ૩ સપ્ટેમ્બરથી ૨૯ ડિસેમ્બર ૨૦૨૦ સુધી દરેક અઠવાડિયે લેવામાં આવ્યા હતા. સેમ્પલ લીધા પછી તેનો અભ્યાસ કરતા કોરોના વાયરસના સંક્રમિત જીવાણું મળી આવ્યા હતા.

મનીષ કુમારના મતે, સાબરમતી નદીમાંથી ૬૯૪, કાંકરિયા તળામાંથી ૫૪૯ અને ચંડોળા તળાવમાંથી ૪૦૨ સેમ્પલ લઈને તેની તપાસ કરવામાં આવી છે. આ સેમ્પલમાં જ કોરોના વાયરસ જોવા મળ્યો છે. રિસર્ચમાં જાણવા મળ્યું છે કે, કૃદરતી જળમાં પણ જીવાણું જીવિત રહી શકે છે. એટલા માટે વૈજ્ઞાનિકોનું માનવું છે કે દેશની તમામ નદીઓની તપાસ થવી જોઈએ, કારણ કે કોરોનાની બીજી લહેરમાં વાયરસના ઘણા ગંભીર મ્યૂટેશન પણ જોવા મળ્યા છે. પરંતુ પાણીથી કોરોના ફેલાવવાની કોઈ પુષ્ટિ નથી. અગાઉ ગાંધીનગર આઈઆઈટી દ્વારા અગાઉ ડ્રેનેજ વોટરને લઈ રીસર્ચ કર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સંશોધકોએ નાળાં-વોકળામાં વહેતાં ગંદાં પાણીના ટેસ્ટિંગ પર ભાર મૂક્યો હતો. અગાઉ ઑસ્ટ્રેલિયા, નેધરલેન્ડ્સ, ફ્રાન્સ અને અમેરિકામાં પણ ગંદાં પાણીનાં સેમ્પલમાં કોરોના વાઈરસના કણો મળી આવ્યા હતા. તો ભારતમાં નાળાંનાં ગંદાં પાણીમાં કોરોના વાઈરસની હાજરી મળી છે.

અત્રે નોંધનીય છે કે, થોડા સમય પહેલા ગાંધીનગર આઈઆઈટી દ્વારા ગંદા પાણીમા કોરોના વાયરસનું સંશોધન કર્યુ છે. આઈઆઈટી ગાંધીનગર દ્વારા વેસ્ટ વોટરનું સંશોધન કરી તેમાં કોરોના વાયરસના જિન મળ્યા હતા. જેના સંશોધન થકી એ જાણી શકાયું હતુ કે, જે-તે વિસ્તારમા કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિ કયા પ્રકારની છે. કોરોના વાયરસના ટેસ્ટની સાથે વેસ્ટ વોટરનું ટેસ્ટ કરવામાં આવે તો સરકારને કોરોનાનું સંક્રમણ અટકાવવા મદદરૂપ થઈ શકે છે. વળી એ સિમ્પટોમેટિક લોકોમાં લક્ષણ દેખાય તે પહેલાં જ જાણી શકાય છે કે વિસ્તારમા કોઈ સંક્રમિત છે કે નહિ. આ રિસર્ચ દ્વારા કરવામાં આવતા સંક્રમણના ટેસ્ટના ફાઈન્ડિંગમાં એ પણ જાણવા મળ્યું છે કે, વેસ્ટ વોટરમાં કોરોના વાયરસ માત્ર ૩ કલાક જીવિત રહી શકે છે અને આવનાર સમયમાં આ રિસર્ચ સબમિટ પણ કરાશે.

### મુન્દ્રા પોર્ટ પર DRI અને કસ્ટ વિભાગની મોટી કાર્યવાહી

## ૬૫ કન્ટેનરો જપ્ત, ૨૦ કરોડનો ડીઝલ, કેરોસીન, ૧૦ કરોડનો ઈલેકટ્રોનિક સામાન સીઝ

મુન્દ્રા,

મુન્દ્રા પોર્ટ પર ડીઆરઆઈ અને કસ્ટમ વિભાગે આજે એક મોટી કાર્યવાહી કરી છે. ડીઆરઆઈ અને કસ્ટમ વિભાગના સંયુકત ઓપરેશનમાં ૨૦ કરોડના ડીઝલ, કેરોસીનના ૬૦ કન્ટેનર સીલ કરવામાં આવ્યા છે. મીસ ડિકલેરેશન કરી કેરોસીન અને ડીઝલ ઘુસાડાતું હતું. આ સિવાય ડીઆરઆઈ અને કસ્ટમ વિભાગે ૧૦ કરોડના ઈલેક્ટ્રોનિક સામાનના ૬ કન્ટેનર પણ સીલ કરવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે ગાંધીધામ, મુન્દ્રા સહિત ૧૫થી વધુ સ્થળે તપાસ કામગીરી ચાલી રહી છે.

અલગ અલગ બે કસાઈમેન્ટ અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં મીસ ડિકલેરેશન કરીને ઘુસાડવામાં આવેલ ડીઝલ અને કેરોસીનના ૬૦ કન્ટેનરો સીલ કરવામાં



આવ્યા હતા. તેમાં ૨૦ કરોડના ડીઝલ, કેરોસીનનો જથ્થો પણ સીલ કરવામાં આવ્યો હતો. ઈલેક્ટ્રોનિક સામાનના ૬ કન્ટેનરો પણ સાથે હોવાથી તેને પણ સીલ કરવામાં આવ્યા છે. કન્ટેનરમાંથી તપાસ કરતા તેમાંથી ૧૦ કરોડના ઈલેક્ટ્રોનિક સામાન મળી આવ્યો છે. બંને મામલે ગાંધીધામ મુન્દ્રા સહિત ૧૫થી વધુ સ્થળોએ સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, મુન્દ્રા પોર્ટ ઉપર ડીઆરઆઈ અને કસ્ટમ વિભાગ દ્વારા દિલ્હીની પેઢી દ્વારા આયાત કરાયેલા ૬૦ કન્ટેનર સીઝ કર્યા છે. આ કન્ટેનરોમાં કેરોસીન અને ડીઝલ હોવાનું ડીકલેર કરાયું છે. કસ્ટમ વિભાગે ૨૦ કરોડની કિંમતના સામાન સાથે તમામ કન્ટેનર સીઝ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય કિસ્સામાં ચાઈનાથી આવેલ કન્ટેનરમાં મિસ ડેકલેરેશન હોવાનું કસ્ટમ વિભાગના ધ્યાને આવતાં કન્ટેનરને સામખિયાળી પાસે અટકાવી સીલ કર્યું હતું. તે દરમ્યાન અન્ય ૬ કન્ટેનર સીઝ કરી તપાસ કરતાં તેમાં મોંઘા મોબાઈલ, ઈયર ફોન સહિતની વસ્તુઓ હોવાનું ખૂલ્યું હતું. આ કિસ્સામાં અંડર વેલ્યુએશન (ટેકસ બચાવવા ઓછી કિંમત દર્શાવવી) હોવાનું ધ્યાને આવ્યું હતું. કસ્ટમ દ્વારા ૧૦ કરોડનો જથ્થો સીઝ કરી દિલ્હી, ગાંધીધામ, મુન્દ્રા સહિત આઠ જેટલા સ્થળોએ તપાસ શરૂ કરાઈ છે. કસ્ટમ ડ્યુટી ચોરીના કિસ્સામાં કડક સજા અને આકરો દંડ થાય તો જ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ ઉપર અંકુશ આવશે.

## ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૨,૩૭૫ નવા કેસ, ૧૫૯૦ લોકોના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના કેસમાં ગઈકાલે સામાન્ય વધારો નોંધાયા બાદ આજે ૫૦૦૦ જેટલો ઘટાડો નોંધાયો છે. કોરોનાના કેસમાં ઘટાડો થવાની સાથે મૃત્યુઆંક પણ લાંબા સમય પછી ૨૦૦૦ની અંદર આવી ગયો છે અને એક્ટિવ કેસ પણ ૭૩ દિવસ પછી ૮ લાખની અંદર આવ્યા છે. આ રીતે બીજી લહેર શાંત થઈ ગઈ છે અને જનજીવન ફરી સામાન્ય બનતું દેખાઈ રહ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૨,૪૮૦ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ૨૦૦૦ની અંદર આવી ગયો છે. ૨૪ કલાકમાં કુલ ૧,૫૮૭ દર્દીઓના મોત થયા છે. પાછલા ૨૪ કલાકમાં મૃત્યુઆંક ૨,૩૩૦ નોંધાયો હતો. જ્યારે નવા સંક્રમણની સંખ્યા ૬૭,૨૦૮ હતી. ભારતમાં કોરોનાના વધુ ૮૮,૯૭૭ દર્દીઓ સાજા થવાથી કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૮૫,૮૦,૬૪૭ પર પહોંચી ગઈ છે. જ્યારે વધુ ૬૨ હજાર કેસ સાથે કુલ કેસનો આંકડો ૨,૯૭,૬૨,૭૯૩ સાથે ૩



કરોડની નજીક પહોંચી ગયો છે.

વર્લ્ડોમીટર.કોમ પ્રમાણે દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ ૩.૪૩ કરોડને પાર થઈ ગયા છે. જે પછી ૨.૯૭ કરોડ સાથે ભારત બીજા નંબરે અને ૧.૭૭ કરોડ સાથે બ્રાઝિલ ત્રીજા નંબર પર છે. જોકે, મૃત્યુઆંક પ્રમાણે અમેરિકા પછી બ્રાઝિલ અને ભારત ત્રીજા નંબરે આવે છે.

ભારતમાં ૨૪ કલાકમાં ૧૫૮૭ મોત સાથે કુલ મૃત્યુઆંક ૩,૮૩,૪૯૦ પર પહોંચી ગયો છે. વર્લ્ડોમીટર મુજબ અમેરિકામાં ૬,૧૬,૪૪૦ અને બ્રાઝિલમાં ૪,૯૬,૧૭૨ દર્દીઓના મોત થયા છે. દેશમાં કોરોનાના નવા કેસ સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં વધારો થવાથી એક્ટિવ કેસની સંખ્યા ૭૩ દિવસ પછી ૭,૯૮,૬૫૬ પર પહોંચી ગઈ છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોનાની રસી માટે જે અભિયાનનો પ્રારંભ કરવામાં આપ્યો હતો તેમાં આજે રજૂ કરાયેલા આંકડા પ્રમાણે રસીના કુલ ૨૬,૮૯,૬૦,૩૯૯ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ગઈકાલ સુધીમાં કુલ ૩૮,૭૧,૬૭,૬૯૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૭ જૂનના રોજ ૧૯,૨૯,૪૭૬ સેમ્પલ લેવામાં આવ્યા છે.

### દ્વારકાના સલાયા બંદરનું જહાજ દરિયામાં ડૂબ્યુ, ૧૩ ખલાસીઓનું રેસક્યૂ ઓપરેશન

દ્વારકા,

દ્વારકાના સલાયા બંદરનું જહાજ ઓમાનના દરિયામાં આગ લાગતા ડુબી ગયુ હતું. આ જહાજમાં સવાર ૧૩ ખલાસીઓનો બચાવ થયો હતો. ખલાસીઓનું રેસક્યૂ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. દ્વારકાના સલાયા બંદરનું અલ નૂરે નિઝામુદીન જહાજ દુબઈથી માલ ભરીને સોમાલિયા જતુ હતું. આ દરમિયાન ઓમાનના દરિયામાં જહાજમાં એકાએક આગ લાગતા તે દરિયામાં ડુબી ગયુ હતું. જહાજમાં સવાર ૧૩ ખલાસીઓ હતા જેમનો બચાવ થયો હતો. મધ દરિયે જહાજમાં આગ લાગતા ૧૩ ખલાસીઓ ખાલી બેરલના સહારે દરિયામાં કુદી જા ઓમાનના નેવી દ્વારા તમામનું રેસક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. આ ઘટના સોમાલિયાના દરિયામાં રાસલાત નામના વિસ્તારમાં બની હતી.

## મોદી રાજમાં પેટ્રોલ-ડિઝલે રફતાર પકડીઃ ભાવમાં ફરી એકવાર વધારો

ન્યુ દિલ્હી,

ગુરુવારે સ્થિર રહ્યા બાદ શુક્રવારે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થયો છે. સરકારી ઓઈલ કંપનીઓએ શુક્રવાર, ૧૮ જૂન, ૨૦૨૧ નાં??રોજ પેટ્રોલની કિંમતમાં ૨૭ પૈસાનો વધારો કર્યો હતો. વળી ડીઝલનાં ભાવમાં ૨૮ પૈસાનો ઉછાળો જોવા મળ્યો હતો. આ વધારા પછી, દિલ્હીનાં બજારમાં પેટ્રોલની કિંમત વધીને ૯૬.૯૩ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. વળી ડીઝલનાં ભાવમાં વધારા પછી, દિલ્હીમાં ડીઝલનો દર પ્રતિ લિટર ૮૭.૬૯ રૂપિયા પર પહોંચી ગયો છે. વળી અમદાવાદની વાત કરીએ તો અહી પેટ્રોલનો ભાવ ૯૩.૮૮ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલનો ભાવ ૯૪.૪૬ રૂપિયા પ્રતિ લિટર છે.

છેલ્લા ૨૭ દિવસમાં એટલે કે ૪ મેથી અત્યાર સુધીમાં, પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લિટર ૬.૬૧ નો વધારો થયો છે. વળી, ડીઝલ પણ આ સમયગાળા દરમ્યાન લિટર દીઠ રૂ.૬.૯૧ મોંઘુ થઈ ગયું છે. આ પહેલા ગુરુવારે ઓઈલનાં ભાવ સ્થિર હતા, જેના કારણે દિલ્હીનાં બજારમાં પેટ્રોલનો દર પ્રતિ લિટર ૯૬.૬૬ રૂપિયા હતો અને ડીઝલનો ભાવ લિટર દીઠ ૮૭.૪૧ રૂપિયા હતો. બુધવારે પેટ્રોલ ૨૯ પૈસા અને ડીઝલ ૩૦ પૈસા મોંઘુ થયું હતુ.

## આસામ-મણિપુર-મેઘાલયમાં ૪.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાનાં કેસ ઓછા થઈ રહ્યા છે, ત્યારે હવે ભૂકંપનાં આંચકાઓ લોકોને ડરાવી રહ્યા છે. જણાવી દઈએ કે, શુક્રવારે સવારે દેશનાં ત્રણ પૂર્વોત્તર રાજ્યોમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો. સાંજે જમ્મુ-કાશ્મીરનાં ઘણા વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. શુક્રવારે જુદા જુદા સમયે શુક્રવારે દેશનાં ૩ પૂર્વોત્તર રાજ્યોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. તેમાં આસામનાં સોનીતપુર, મણિપુરનાં ચંદેલ, મેઘાલયની પશ્ચિમ ખાસી હિલ્સનાં ક્ષેત્રનો સમાવેશ થાય છે. નેશનલ સિસ્મોલોજીએ આ માહિતી આપી છે. મળતી માહિતી મુજબ સવારે ૪.૨૦ વાગ્યે મેઘાલયની પશ્ચિમ ખાસી હિલ્સમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૬ માપવામાં આવી હતી. આસામનાં સોનીતપુરમાં રાત્રે ૨ વાગ્યે ભૂકંપનો આંચકો આવ્યો હતો. અહીં તેની સૌથી વધુ તીવ્રતા ૪.૧ માપવામાં આવી હતી. મણિપુરનાં ચંદેલમાં રાત્રે ૧.૦૬ વાગ્યે ૩.૦૪ ની તીવ્રતાનો ભુકંપ અનુભવાયો હતો. આ પહેલા ગુરુવારે ૧૧ દિવસમાં બીજી વખત જમ્મુ-કાશ્મીરમાં સાંજે ૭.૪૯ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. તેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૮ માપવામાં આવી. અત્યાર સુધી જૂન મહિનામાં જમ્મુમાં ત્રણ વખત ભૂકંપ આવી ચુક્યો છે.

## આણંદમાં મેઘરાજાની તોફાની ઈનિંગઃ ૪ કલાકમાં ૭ ઈંચ વરસાદ

આણંદ,

આણંદમાં વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ છે.આ બે દિવસમાં મેહુલિયો અનરાધાર વરસી રહ્યો છે. હજુ પણ આકાશમાં ઘેરાયેલ કાળા ડિબાંગ વાદળો જાણે ધરતીને તરબોળ કરવા તૈયાર હોય તેમ જણાઈ રહ્યા છે. શુક્રવારે સવારે આણંદમાં જાણે કે આભ ફાટ્યું હોય તેમ સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીના ૪ કલાકમાં ૭ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જેમાં ૬થી ૮ વાગ્યા સુધીમાં ૫ ઈંચ અને ૮થી ૧૦ વાગ્યા સુધીમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા



છે અને રસ્તાઓ પર જાણે કે નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. બુધવાર રાત્રિથી શુક્રવાર સવાર સુધીમાં આણંદ તાલુકામાં ૧૩ ઈંચ જેટલો અધધધ વરસાદ ખાબકી ચૂક્યો છે.

બુધવાર રાત્રેથી શુક્રવાર સવાર સુધીમાં આણંદ તાલુકામાં ૧૩ ઈંચ જેટલો અધધ વરસાદ ખાબકી ચુક્યો છે. આણંદમાં વરસાદે મહેર કરી છે. દિવસભરના ભારે બફાટ બાદ પવન સાથે ખબકેલા ભારે વરસાદથી વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી છે. વરસાદના આગમને જ આણંદના નીચાંણવાળા વિસ્તારમાં પાણી ભરાતા નાગરિકોને ભારે હાલાકી ઉભી થઈ છે.

આણંદમાં ખબકેલા ધોધમાર વરસાદે નગરમાં ઠેર ઠેર પાણી કરી દીધું હતું. આણંદ વિધાનગર રોડ ,શાસ્ત્રી મેદાન વિદ્યાનગર, આણંદ અંબાજી મંદિર ,લક્ષ્મી ટોકીઝ વિસ્તાર ,વિદ્યાનગર રોડ લક્ષ્મી સીનેમા ગામડીવડ ,રાજમહેલ રોડ ,સહિતના વિસ્તારોમાં જાહેર માર્ગો ઉપર ભારે પાણી ભરાયા હતા.જાહેર માર્ગો ઉપર પાણી હોઈ રોજ સવારે નિયમિત ચાલવા નીકળતા નાગરિકોને હાલ ઘરે જ બેસી રહેવાનો વખત આવ્યો છે.જાહેર માર્ગો ઉપર નદીની જેમ વહેતો ધસમસતો પ્રવાહ નજરે ચઢ્યો હતો.ઘણા ઉત્સાહી નાગરિકો આ માહોલ ને માણવા ગાડી લઈ નીકળ્યા હતા.તો બીજી તરફ દૈનિક ધંધા રોજગાર નોકરીએ જતા લોકો પણ આ કારણે અટવાઈ પડ્યા હતા.

આણંદ માં વરસાદી આગમનને કારણે નગરપાલિકાએ ચાલુ કરેલ પ્રિ મોન્સૂન કામગીરી અને વિકાસ ના કામોની ગતિ અવરોધાઈ છે.આણંદ જીલ્લાના આજે શુક્રવારે સવારના ૧૦ વાગ્યા સુધીના વરસાદી આંકડા મુજબ આણંદ તાલુકામાં ૧૭૦ મીમી, પેટલાદ માં ૪૮ મીમી અને ,ખંભાત ૨૨ ,બોરસદ ૧૫ મીમી ,અંકલાવમાં ૮ મીમી અને સોજીત્રામાં ૪ મીમી તેમજ તારાપુરમાં ૨ મીમી અને ઉમરેઠમાં ૧ મીમી સામાન્ય વરસાદ નોંધાયો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આ વર્ષે મેઘરાજાએ નિર્ધારિત કરતાં થોડા દિવસ વહેલા છતાં ધમાકેદાર મિજાજમાં આગમન કરીને ગઈકાલે રાજ્યના ૬૮ જિલ્લાને તરબોળ કર્યા હતા. ગઈકાલે ગુરુવારે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં ત્રણ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ વરસતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ભાવનગરમાં ૩ ઈંચથી વધુ, જ્યારે ગારિયાધારમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ચરોતરના આણંદ અને ખેડા જિલ્લામાં બેથી સાડા ત્રણ ઈંચ વરસાદ થયો હતો. વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં મોસમનો પહેલો વરસાદ ભારે તોફાની મિજાજ સાથે વરસતાં ૧૦૦થી વધુ વૃક્ષો, થાંભલા, સાઈનબોર્ડ તૂટી પડ્યાં હતાં.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ચૌહાણ મોહનભાઈ અભેસીંગભાઈ**

મુ. (પાડા) - ભગત ફળીયું, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**બૈણીયા અરવિંદભાઈ ધનાભાઈ**

મુ. (જામદરા)-બૈણીયા ફળીયું, તા. લીમખેડા

### ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૧, સને.૨૦૨૧-૨૨
### પંચાયત માર્ગ અને મકાના પેટાવિભાગ, લુણાવાડા

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન પેટાવિભાગ, લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૦૦૨૫ની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે માન્ય યાદીમાં નોંધણી થયેલ ઈજારદારશ્રીઓ પાસેથી પેટાવિભાગ હસ્તકના તાલુકાના રસ્તાઓની કામગીરી માટે આઈટમવાર પ્રતિ યુનીટ ભાવોની ઓફર નિયત ઓફર પત્રકમાં માંગવામાં આવે છે. કામદીઠ રૂા.૬૦૦/- ટેન્ડર ફી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, લુણાવાડા બ્રાન્ચ ખાતે ૦૦૫૯ પી.ડબ્લ્યુ સદરે ચલણથી જમા કરાવી ચલણ તથા રજીસ્ટ્રેશન, બેંક સોલવંશી, જી.એસ.ટી નંબર, પાનકાર્ડ નંબર, ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફીકેટ તથા પગમીલ મીક્ષ પ્લાન્ટ કામ માટે ઈ.૧ અને ઉપર માન્ય ગણાશે વિગેરે નકલ રજુ કર્યેથી ઓફર પત્રક ઈસ્યુ કરવામાં આવશે. ઓફર પત્રક ઈસ્યુ કરવાની છેલ્લી તા.૨૨/૦૬/૨૦૨૧ છે તથા રજીસ્ટર પોષ્ટ એડીથી/સ્પીડ પોષ્ટથી સીલ બંધ કવરમાં પરત લેવાની છેલ્લી તા.૨૮/૦૬/૨૦૨૧ છે. ઓફર અલગ કવરમાં આપવાની રહેશે તથા કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે. વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. વધુ વિગતો માટે અત્રેની કચેરીના કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમિયાન સંપર્ક કરવો. આવેલ ઓફર પત્રક ગ્રાહય રાખવા યા ન રાખવાનો નિર્ણય ઓફર મંજુર કરનાર અધિકારીશ્રીને આધિન રહેશે. સરકારશ્રીના વખતો વખતના નિયમો ઠરાવો બંધન કર્તા રહેશે.

(નાયબ કાર્યપાલક ઈજનેર)
પંચાયત (મા×મ પેટાવિભાગ)
લુણાવાડા

માહિતી/ગોધરા/૨૨૮/૨૦૨૧

# સંતરામપુર તાલુકાના ગોધર(પ) ખાતે સરકાર માન્ય જમીન ચકાસણી પ્રયોગશાળાને ખૂલ્લી મૂકતાં જિલ્લા કલેકટર


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ભારત સરકાર દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ સ્કીમ અંતર્ગત વધુમાં વધુ સારી કામગીરી થઇ શકે તેમજ ગ્રામ્ય કક્ષાએ સ્થાનિક ઔધોગિક સાહસ ખેડનાર ખેતી સાહસિકોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર NMSA (National Mission for Sustainable Agriculture) અંતર્ગત સોઈલ હેલ્થ મેનેજમેન્ટ યોજના હેઠળ ગ્રામ્ય કક્ષાએ જમીન ચકાસણી પ્રયોગશાળા ઉભી કરવામાં આવી રહી છે.

આ યોજના અંતર્ગત આજે સંતરામપુર તાલુકાના ગોધર પશ્ચિમ ખાતે સોઈલ હેલ્થ મેનેજમેન્ટ સ્કીમ અને નેશનલ મિશન ફોર સસ્ટેઈનેબલ એગ્રીકલ્ચર યોજના અંતર્ગત જિલ્લા કલેકટર આર. બી. બારડના હસ્તે સરકાર માન્ય જમીન ચકાસણી પ્રયોગશાળા સહજાનંદ સોઈલ ટેસ્ટિંગ લેબને ખૂલ્લી મૂકવામાં આવી હતી.

જિલ્લા કલેકટર બારડના હસ્તે આ પ્રસંગે લાભાર્થી ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ આત્મા પ્રોજેકટ મહીસાગર અંતર્ગત સંતરામપુર તાલુકામાં ગોધર (પ) ગામે પશુપાલન અને વર્મી કંમ્પોષ્ટ નિદર્શન કીટનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતું.

જિલ્લા કલેકટર બારડએ આ યોજનાનો મુખ્ય હેતું ગ્રામીણ યુવાનો માટે રોજગાર, સમયમર્યાદામાં માટીના નમુનાઓનું પરીક્ષણ, સોઈલ હેલ્થ કાર્ડ પોર્ટલનો ઉપયોગ કરી ઓનલાઈન સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવાની સાથે ખેડૂતોને ઘર આંગણે જ જમીન ચકાસણીની સુવિધા મળી રહે અને એક જ જગ્યાએથી સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવે તેવી ખેડૂતોને સગવડ પૂરી પાડવાનો હોવાનું જણાવ્યું હતું. કલેકટર બારડે ખેડૂતોને જણાવ્યું કે, જેમ આપણે આપણા આરોગ્યની કાળજી લઈને જરૂર પડે આરોગ્યની ચકાસણી કરાવીએ છીએ તેમ આપણી પોતાની ખેતીલાયક જમીનની પણ સમયાંતરે તેની ચકાસણી કરાવતા રહેવુ જોઈએ જેથી આપણી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે અને ઉત્પાદકતા વધારી શકાય છે. પ્રત્યેક ખેડૂત પોતાની જમીનની ચકાસણી કરાવી સોઈલ હેલ્થ કાર્ડ થકી સ્વસ્થ ધરા ખેત હરાના મંત્રને સાર્થક કરવા જિલ્લાના ખેડૂતોને અપીલ કરી હતી.

આ યોજના હેઠળ પ્રોજેક્ટની મહત્તમ મર્યાદા રૂ. ૫ (પાંચ) લાખ છે. જેમાં ૭૫% સબસીડી ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા (૬૦:૪૦) મુજબ આપવામાં આવે છે. જ્યારે બાકીના ૨૫% અરજદારે પોતે રોકાણ કરવાનું રહે છે. જ્યારે આ યોજના હેઠળ મહીસાગર જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ કુલ ૬ જમીન ચકાસણી પ્રયોગશાળા ઊભી કરવામાં આવી છે.

આ પ્રસંગે સંતરામપુરના પ્રાંત અધિકારી કૌશીક જાદવ, મામલતદાર કે.જે.વાઘેલા, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) જે. ડી.પટેલ, ખેતીવાડી અધિકારી (વિસ્તરણ) એમ. આઈ. સક્સેના, મામલતદાર, માનસી બાયો વર્મી ટેકના મણીભાઇ પટેલ, લેબ ટેકનીશિયન માનસી પટેલ, આત્મા પ્રોજેકટ સંતરામપુરના સહાયક ટેકનોલોજી મેનેજર દિનેશ પગી, અગ્રણી પરસોત્તમભાઇ પટેલ, બાબુભાઇ પટેલ, કાંન્તીભાઇ પટેલ, સરપંચ છત્રાભાઇ ગોરી અને લાભાર્થી ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર આજે જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે રાહત છે. આજે જિલ્લામાં એક પણ પોઝીટીવ કેસ નોધાયો નથી. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૬-૨૦૨૧ સુધીમાં૭૪૯૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકીબાલાસિનોર તાલુકાના૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી,૦૧પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૮૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૭૩૯૩૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૨૦ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૨ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૨ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૫ દર્દીઓ સ્ટેબલ, ૦૨ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

# કોરોનાની ત્રીજી લહેર સામે લડશે ૧ લાખ વૉરિયર્સ: PM મોદીએ શરૂ કર્યુ મહાઅભિયાન

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોનાની બીજી લહેર તબાહી મચાવીને હવે શાંત પડી રહી છે. આ દરમિયાન ત્રીજી લહેરની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્રીજી લહેરને ધ્યાને રાખીને ભારત સરકાર તૈયારીઓ કરવામાં લાગી છે. આના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારના ૨૬ રાજ્યોના ૧૧૧ ટ્રેનિંગ સેન્ટરોથી કોવિડ-૧૯ હેલ્થકેર ફ્રન્ટલાઈન વર્કર્સ માટે વિશેષ રીતે તૈયાર તાલીમ કાર્યક્રમનો આરંભ કર્યો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, દરેક સાવધાની સાથે આવનારા પડકારોને પહોંચી વળવા માટે આપણે દેશની તૈયારીઓને વધારવાની રહેશે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે દેશમાં લગભગ ૧ લાખ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ તૈયાર કરવાનું મહાઅભિયાન શરૂ થઈ રહ્યું છે.

તેમણે કહ્યું કે, કોરોનાની બીજી લહેરમાં આપણે જોયું કે આ વાયરસનું વારંવાર બદલાતુ સ્વરૂપ કયા પ્રકારના પડકારો આપણી સામે લાવી શકે છે. આ વાયરસ આપણી વચ્ચે અત્યારે પણ છે અને આના મ્યુટેડ થવાની સંભાવના છે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોરોના મહામારીએ સાયન્સ, સરકાર, સંસ્થા અને વ્યક્તિ તરીકે આપણને આપણી ક્ષમતાઓ વધારવા માટે સતર્ક કર્યા છે. કોરોના સામે લડી રહેલી દેશની વર્તમાન ફોર્સના સપોર્ટ માટે દેશમાં લગભગ ૧ લાખ યુવાનોને તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ કૉર્સ ૨-૩ મહિનામાં જ પૂર્ણ થઈ જશે.

પીએમ મોદીએ કહ્યું કે, આ અભિયાનથી કોવિડ સામે લડી રહેલી આપણા હેલ્થ સેક્ટરની ફ્રન્ટલાઈન ફોર્સને નવી ઊર્જા પણ મળશે અને આપણા યુવાનો માટે રોજગારનો નવો અવસર પણ બનશે. છેલ્લા ૭ વર્ષમાં દેશમાં નવી એઈમ્સ, નવી મેડિકલ કૉલેજ, નવી નર્સિંગ કૉલેજના નિર્માણ પર ભાર આપવામાં આવ્યો છે. આમાંથી અનેકે કામ કરવાનું પણ શરૂ કરી દીધું છે. પીએમ મોદીએ કહ્યું કે, ફ્રન્ટલાઈન વર્કર્સના ખાસ તાલીમ કાર્યક્રમ હેઠળ ઉમેદવારોને નિઃશુલ્ક ટ્રેનિંગ, સ્કિલ ઈન્ડિયાનું સર્ટિફિકેટ, ભોજન તેમજ રહેવાની સુવિધા, કામ પર ટ્રેનિંગની સાથે સ્ટાઈપેન્ડ તેમજ ઉમેદવારોને ૨ લાખ રૂપિયાનો અકસ્માત વીમો મળશે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ગામોમાં સંક્રમણનો ફેલાવો રોકવામાં, અંતરિયાળ વિસ્તોરમાં, પહાડી અને જનજાતિ ક્ષેત્રોમાં રસીકરણ અભિયાનને સફળતાપૂર્વક ચલાવવામાં આપણી આશા, એએનએમ, આંગણવાડી અને ગામના સ્વાસ્થ્ય કર્મચારીઓએ ઘણી મોટી ભૂમિકા નીભાવી છે.

# સુરત મનપા ધો.૧૧-૧૨ના વર્ગો શરુ કરશેઃ દેશની પ્રથમ પાલિકા બનશે

સુરત,
ધોરણ-૧૦માં માસ પ્રમોશનને કારણે વિદ્યાર્થીઓ અટવાય નહીં જાય તે માટે સુરત મહાનગર પાલિકાએ અગિયાર અને બારના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.પાલિકા સમગ્ર દેશમાં ધોરણ ૧થી લઈ ૧૨ સુધી શિક્ષણ આપતી એકમાત્ર મહાપાલિકા બનશે. સ્થાયી સમિતિની મળેલી બેઠકમાં ભાજપ શાસકોએ ઉચ્ચતર માધ્યમિકના વર્ગો શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા વર્ષે ૯૧૦ વિદ્યાર્થીઓને અગિયાર કોમર્સમાં પ્રવેશ આપવામાં આવશે. ઉચ્ચતર માધ્યમિકના વર્ગોમાં કન્યાઓ પાસેથી એક પણ રૂપિયાની ફી લેવામાં આવશે નહી.

પાલિકા સુમન શાળાઓમાં નવ અને દસમા ધોરણમાં પ્રવેશ આપે છે. હાલમાં ધોરણ દસમા ૪૪૮૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. રાજય સરકારે ધોરણ દસમા માસ પ્રમોશન જાહેર કરતા આ તમામ વિધાર્થીઓ અગિયારમા ધોરણમાં આવ્યા છે. અગિયારમા ધોરણમાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત નહીં રહે તે માટે ભાજપ શાસકોએ દેશમાં પહેલી વખત મનપા સંચાલિત ઉચ્ચતર માધ્યમિકના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

સ્થાયી સમિતિ ચેરમેન પરેશ પટેલે જણાવ્યું હતું કે ધોરણ અગિયાર કોમર્સમાં ગુજરાતી માધ્યમના આઠ વર્ગ, મરાઠી માધ્યમના ચાર અને હિન્દી માધ્યમના બે વર્ગ શરૂ કરવામાં આવશે. હાલમાં દસમા ધોરણમાં ગુજરાતી માધ્યમના ૧૯૦૦, મરાઠી માધ્યમના ૨૧૦૦ અને હિન્દી માધ્યમના ૫૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. આ વિદ્યાર્થીઓને ધોરણ અગિયાર કોમર્સમાં પ્રવેશ મળી રહે તે માટે ચાર ઝોનમાં અગિયાર કોમર્સના ૧૪ વર્ગ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ૧૪ વર્ગ માટે કરારીય ધોરણે ૫૬ શિક્ષકો લેવામાં આવશે. એક વર્ગમાં ૬૫ લેખે પહેલા વર્ષે ૯૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. કન્યાઓને ધોરણ નવથી બાર સુધી સંપૂર્ણપણે વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવશે.

# મહીસાગર જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહીને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર સતર્ક : અધિકારીઓને હેડ ક્વાર્ટરમાં ઉપસ્થિત રહેવા સૂચના

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં આગામી બે-ત્રણ દિવસો દરમિયાન મધ્યમથી ભારે વરસાદ થવાની શકયતા દર્શાવતી ભારતીય હવામાન વિભાગની આગાહીના સંદર્ભમાં મહીસાગર-લુણાવાડાના નિવાસી અધિક કલેકટર જે. કે. જાદવે જિલ્લા વહીવટી તંત્રને સતર્ક રહેવા અને જરૂરિયાત પ્રમાણે તકેદારીના તમામ પગલાં લેવા સૂચના આપી છે.

તેમણે મહીસાગર જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓને હેડ કવાર્ટરમાં ઉપસ્થિત રહેવા ખાસ સૂચના આપી છે.

આ સંદર્ભમાં કલેકટર કચેરીમાં કાર્યરત ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ દ્વારા તમામ તાલુકા તંત્રોને સાવધ કરતાં જણાવવામાં આવ્યું છે કે, રાજય કક્ષાના કંટ્રોલ રૂમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમને મળેલ મેસેજમાં આગામી બે-ત્રણ દિવસ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

તેને અનુલક્ષીને મહીસાગર જિલ્લામાં તમામ સંબધિત વિભાગોને સાવધ/એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.

આ બાબતે તમામ તાલુકા કક્ષાના કંટ્રોલ રૂમના નંબરો ચાલુ રહે તથા જે તે ફરજ પરના કર્મચારી હાજર રહે તે સુનિશ્ચિત કરી લેવા જણાવવામાં આવ્યું છે.

કંટ્રોલ રૂમ પરથી તલાટી મારફત ગ્રામ્ય કક્ષા સુધી મેસેજ પહોંચાડી લોકોને ગાજવીજ થાય તે સમયે પોતાના ઘરમાં જ રહેવા સજાગ કરવા અને ગાજવીજ દરમિયાન વૃક્ષો નીચે કે ઈલેક્ટ્રીક વાયરો/થાભંલા પાસે ન ઉભુ રહેવુ જોઈએ એવી માહિતી પહોચાડી જાનહાની થવાની સંભાવના ટાળવાની તમામ તકેદારીઓ લેવા તેમજ સામાન્ય નાગરિકોને સલામત સ્થળે રહેવા સૂચના આપવામાં આવી છે.

કોઈપણ નુકશાન થાય તો તાત્કાલિક જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને ટોલ ફ્રી નંબર ૧૦૭૭ ઉપર અથવા તો ફોન નંબર ૦૨૬૭૪-૨૫૨૩૦૦/૩૦૧ ઉપર જાણ કરવા અને ત્યારબાદ તેનો વિગતવાર અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

# મહીસાગર જિલ્લાનામાં સિક્યુરીટી ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ માટે તાલીમ શિબિરનું આયોજન

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના યુવાનો માટે ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી અને સિક્યોરીટી ઈન્ટેલિજેન્સ સર્વિસ ઈન્ડિયા લી.ના સહયોગથી સિકયુરીટી ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ખાનપુર તાલુકાપંચાયતકચેરી ખાતેસિક્યુરિટી ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ આયોજન કરવા માં આવેલ હતું. તે માંથી ૧૨અભ્યાર્થીનું શેલેકશન કરવામાં આવેલ છે.

સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઈઝર માટે ઉમેદવારની ઉમર ૨૧ થી ૩૬ વર્ષ, શૈક્ષણિક લાયકાત ૧૦ પાસ , ઊચાઇ ૧૬૮ સે.મી., વજન ૫૫ કિ.લો., છાતી ૮૦ થી ૮૫ અને શારીરિક રીતે તંદુસ્ત હોવું જરૂરી છે, જિલ્લા ના જે યુવાનો આ સિકયુરીટી ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ શિબિરનો લાભ ઈચ્છા હોય તેવા ઉમેદવાર બધાજ ડોકયુમેંટની ઝેરોક્ષ અને બે પાસપોર્ટ સાઈજ ના ફોટા, આધારકાર્ડ, બોલપેન લઈને હાજર રહેવા ટ્રેનીંગ અને ભરતી અધિકારી મૃત્યુંજયકુમાર એસ. એસ. સી. આઈ. રિજનલ ટ્રેનિંગ સેન્ટર માણસા દ્વારા જણાવેલ છે.

પાસ ઉમેદવાર રીજનલ ટ્રેનીગ સેન્ટર માણસા (ગાંધીનગર)માં ટ્રેનિંગ આપીને સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ ઈન્ડિયા લી માં કાયમી નિયુક્ત ૬૫ વર્ષ સુધી મળશે. ભારત સરકાર, રાજ્ય સરકાર અને પુરાતત્વ, બંદરગા, એરપોર્ટ, મલ્ટીનેશનલ ઔધોગીક ક્ષેત્ર, બેન્કો વગેરે જગ્યાઓ ઉપર નોકરી આપવામાં આવશે તો આપનો પગાર સુરક્ષા જવાન માટે રૂા.૧૨,૦૦૦ થી ૧૫,૦૦૦/, સુરક્ષા સુપરવાઈઝર માટે રૂા. ૧૫,૦૦૦ થી૨૦,૦૦૦/- અન્ય સુવિધા માટે દર વર્ષે પગારમાં વધારો. પ્રોમોશન, પી.એફ., ઇ.એસ.આઈ., ગ્રેજયુઈટી, મેડિકલ સુવિધા, બોનસ, પેન્સન સુવિધા આપવામાં આવશે.

# સુરતમાં ધોધમાર વરસાદ, ચોર્યાસીમાં ૪ કલાકમાં ૪ ઈંચ ખાબક્યો, ઠેર-ઠેર પાણી ભરાયાં



સુરત,
સુરત શહેર જિલ્લામાં ગત રોજથી વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરતમાં ૩ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. આજે સવારથી ચાર કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે, જ્યારે સુરત જિલ્લાના ચોર્યાસીમાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતાં ઠેર-ઠેર પાણી ભરાવાનાં દશ્યો સામે આવ્યાં છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. વરસાદનું આગમન થતાં જ લોકો તથા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં હજુ વરસાદી માહોલ જામશે. હવામાન વિભાગની આગાહી મુજબ, સુરત શહેર અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ વરસાદ અવિરતપણે વરસી રહ્યો છે. વાતાવરણ જોતાં દિવસભર આ જ પ્રકારે વરસાદી માહોલ રહેવાની શક્યતા દેખાઈ રહી છે.

સુરત શહેર અને જિલ્લામાં ધોધમાર વરસાદ નોંધાયો છે, જેમાં વિશેષ કરીને સુરતના ચોર્યાસી તાલુકામાં ૪ કલાકમાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. મુશળધાર વરસાદ આવતાંની સાથે જ જનજીવન પર એની અસર સ્પષ્ટ દેખાઈ હતી. ઓલપાડ તાલુકામાં પણ બે ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. સુરત શહેરમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

સવારથી સૌથી વધારે વરસાદ ચોર્યાસી તાલુકામાં નોંધાયો છે. માત્ર ચાર કલાકમાં જ ચાર ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો, જેને કારણે રસ્તાઓ ઉપર પણ પાણી ફર્યા હતા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. સુરત શહેરમાં પણ પાલનપુર વિસ્તારની કેટલીક સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયાં હતાં, જ્યારે વરાછાના પુણા, વેસુના વીઆઈપી રોડ, અડાજણ સહિતના વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૯-૦૬-૨૦૨૧, શનિવાર, જેઠ વદ-૯, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ: કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: હસ્ત

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૯.૦૬.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઈ.):- તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

મિથુન(ક.છ.ઘ.):- તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

કર્ક(ડ.હ.):- તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા.

સિંહ(મ.ટ.):- સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે.

કન્યા(પ.ઠ.ણ.):- તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

તુલા(ર.ત.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

વૃશ્ચિક(ન.ય.):- મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો। તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

મકર(ખ.જ.):- ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે.

કુંભ(ગ.શ.સ.):- સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો.

મીન(દ.ચ.ઝ.):- મિત્ર અ [redacted] ીતાનું સ્વાર્થી વર્તન તમારી માનસિક શાંતિને હણી ન [redacted] રી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શ [redacted] ાના થી બચો. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણ [redacted] ગાદો.

# દાહોદ અને ગરબાડા ગામે બે અલગ-અલગ સ્થળે ફુડ વિભાગે લીધેલા નમુના મીસ બ્રાન્ડેડ નિકળતા દંડ ફટકારાયો

## નાન ખટાઈ (લુઝ) પેકીંગ માટે ૨૫ હજાર અને કાળા મરી માટે ૨૨ હજારનો દંડ કરાયો

દાહોદ,
દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના મુથક દાહોદ શહેરમાંથી અને ગરબાડા નગરમાંથી બે અલગ અલગ વેપારીઓને ત્યાંથી દાહોદ ફુડ એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા એક વેપારીને ત્યાંથી પીસ્તા નાનખટાઈ અને બીજા વેપારીને ત્યાંથી કાળા મરીના પેકેટની તપાસ હાથ ધરી પૃથ્થકરણ માટે મોકલી આપ્યાં બાદ રિપોર્ટમાં આ બંન્ને ચીજવસ્તુઓ મીસ બ્રાન્ડેડ હોવાનું માલુમ પડતાં એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર, દાહોદ દ્વારા બંન્ને વેપારીઓન અલગ અલગ રકમનો દંડ ફટકાવાનો હુકમ કરતાં જિલ્લાના ભેળસેળીયા અને લોભીયા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

દાહોદ નગરપાલિકાના ફુડ એન્ડ સેફ્ટી વિભાગના ઓફિસર પી.આર.નગરાલાવાલા અને તેમની ટીમે તારીખ ૦૪.૧૧.૨૦૨૦ના રોજ દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન રોડ ખાતે સોફ્ટ બાઈટના શંકરલાલ ગોપાલદાસ લખવાણીની દુકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી અને પીસ્તા નાનખટાઈ (લુઝ) નો નમુનો લઈ પૃથ્થકરણ માટે રાજકોટ મોકલી આપ્યું હતું. તારીખ ૦૧.૦૨.૨૦૨૧ના પૃથ્થકરણનો અહેવાલ આવતાં જેમાં આ પસ્તા નાનખટાઈ (લુઝ) મીસ બ્રાન્ડેડ ફુડ જાહેર થતાં આ સંદર્ભે એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર, દાહોદ દ્વારા ઉપરોક્ત વેપારીને ૨૫,૦૦૦નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આવી જ રીતે દાહોદના ફુડ સેફ્ટી વિભાગના ઓફિસર પી.એચ. સોલંકી અને તેમની ટીમે ગત તા.૦૯.૧૦.૨૦૨૦ના રોજ ગરબાડા નગરમાં સ્ટેશન રોડ ખાતે આવેલ ઈબ્રાહીમ ફકરૂદ્દીન કાપડીયા (એફ.બી.ઓ. અને વિક્રેતા)ની દુકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી અને કાળા મરી (લુઝ)નો નમુનો લઈ પૃથ્થકરણ માટે ભુજ એનાલીસ્ટ ખાતે મોકલી આપ્યો હતો. તારીખ ૧૪.૧૨.૨૦૨૦ના રોજ પૃથ્થકરણનો રિપોર્ટ આવતાં આ રિપોર્ટમાં કાળા મરી (લુઝ) સબસ્ટાન્ડર્ડ ફુડ જાહેર થતાં અને ક્ષતિઓ માલુમ પડતાં એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર, દાહોદ દ્વારા ઉપરોકત વેપારીને રૂ.૨૨,૦૦૦નો દંડ વસુલાતનો હુકમ કર્યો હતો.

# સંજેલીના ૨૦૧૫માં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર આપમાં જોડાયા


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,
૨૦૨૨ની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષો પ્રજાના સાથે સીધા કનેક્ટ રહેવાના હેતુસર કાર્યક્રમો યોજી પ્રજા સાથે સંપર્કમાં જોતરાયા ૧૮૨ વિધાનસભાની સીટ પર આપ પોતાના ઉમેદવારો ઉતારવાની જાહેરાત કરી છે. ત્યારે આપના નેતાઓ પ્રજાને મનાવવા માટે જોતરાય ગઈ છે. જેના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારોમાં આપને વધુ વેગ મળે આપની વિચારધારાથી પેરાઈને આપમાં જોડાય તે માટે પ્રદેશસંગઠન મંત્રી જયેશ સંગાડાના સહિયારા પ્રયાસથી સંજેલીના હીરોલા ગામના ૨૦૧૫માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારે ભાજપનો સાથ છોડી ૨૫ જેટલા કાર્યકરો સાથે ઝાડુ પકડ્યું હતું.

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં વિધાનસભાની તમામ ૧૮૨ સીટો લડવાની જાહેરાત કરી છે તેવામાં આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં કરેલ કામોથી પ્રેરાઈને લોકો આપ સાથે જોડાવા પ્રેરાઈ રહ્યા છે. ભાજપના પાયાના કાર્યકરો પણ ભાજપનો સાથ છોડી ઝાડુનો સાથ પકડ્યો તારીખ ૧૭/૦૬/૨૦૨૧ના રોજ સંજેલી તાલુકાના હીરોલા ગામના ભાજપના પુર્વ તાલુકા સભ્યના ઉમેદવાર મતી રતનબેન વિનોદભાઈ સંગાડા તેમના પરિવાર સહિત આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠનમંત્રી જયેશ સંગાડાના માર્ગદર્શન હેઠળ આમ આદમી પાર્ટીમાં જોડાયા જેમાં ૨૫ જેટલા કાર્યકરો આપમાં જોડાયા હતા. જેનો વિધિવત રીતે ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું.

# રથયાત્રાની જળયાત્રાને મળી મંજૂરી, ૧૦૮ ને બદલે માત્ર ૫ કળશમાં પાણી ભરાશે



અમદાવાદ,
ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રાના શ્રી ગણેશ જળયાત્રાથી થાય છે, ત્યારે જળયાત્રા આ વર્ષે કેવી રીતે નીકળશે તે સવાલ શ્રદ્ધાળુઓને સતાવતો હતો. ત્યારે જલયાત્રાને મંજૂરી મળી ગઈ છે. જોકે દર વર્ષે ૧૦૮ કળશની સાથે વાજતે-ગાજતે રથયાત્રા નીકળતી હોય છે પરંતુ આ વર્ષે માત્ર પાંચ કળશ સાથે મંદિરના સેવકો તેમજ ગાદીપતિ અને ટ્રસ્ટી યાત્રામાં જોડાશે.

સાબરમતી નદીના આરે વિધિવત રીતે ગંગા પૂજન થશે, જેમાં નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે ગંગા પૂજન કરવામાં આવશે. જોકે કોરોના સંક્રમણ ફેલાય તે માટે આ યાત્રામાં નાતો ભજન મંડળી જોડાશે કે ના તો અખાડા. ૫૦થી પણ ઓછા લોકો રથયાત્રા પહેલા નીકળતી જળયાત્રામાં ભાગ લેશે.

જોકે ગજરાજ દર વર્ષે ૧૮ હોય છે ત્યારે આ વર્ષે માત્ર એક ગજરાજ રાખવામાં આવશે, કારણ કે ગજરાજે ગણપતિજીનું સ્વરૂપ છે અને કોઈપણ કાર્ય માટે આપણે ગજાનંદ ગણપતિજીને યાદ કરતા હોય છે. એટલા માટે એક ગજરાજ સાથે આ જળયાત્રા નીકળશે.

અત્રે નોંધનીય છે કે, રથયાત્રા પૂર્વ જળયાત્રાને લઈને પોલીસનો એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. જગન્નાથ મંદિર ખાતે ટ્રસ્ટી અને પોલીસ વચ્ચે એક બેઠક મળી હતી. જેમાં જળયાત્રાને લઈને પોલીસની બેઠકમાં ચર્ચા થઈ હતી. જળયાત્રાની વ્યવસ્થાને લઈને પોલીસ ઉચ્ચ અધિકારીઓનું નિરીક્ષણ પણ ચાલી રહ્યું છે. કોવિડની ગાઈડ લાઈન અને જળયાત્રાની વ્યવસ્થાને લઈને બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક બાદ અમદાવાદમાં જળયાત્રાને મંજૂરી આપી દેવામાં આવી છે. હવે કોરોના ગાઈડલાઈનના પાલન સાથે જળયાત્રા નીકળશે. ૫૦થી ઓછા લોકો સાથે સાદગીથી જળયાત્રા નીકળવા જઈ રહી છે. આ યાત્રામાં ૫ કળશ અને એક ગજરાજ જોડાશે.

# યુવતી પર દુષ્કર્મ આચરી લગ્ન કરી ધર્મ બદલવા દબાણ કરનાર યુવકની ધરપકડ

વડોદરા,
લવ જેહાદ અંગે ગુજરાત સરકારે તાજેતરમાં ધર્મ સ્વતંત્ર સુધારા અધિનિયમ અંગે નો કાયદો બનાવ્યો તે બાદ વડોદરામાં પ્રથમ વખત આ ગુના હેઠળ ફરિયાદ દાખલ થઈ છે જેમાં મુસ્લિમ યુવકે પોતાની જાતિ છુપાવી સોશિયલ મીડિયા પર ખ્રિસ્તી ધર્મનો હોવાનું જણાવી એક યુવતીને ફસાવી ફોટા વાયરલ કરી બળાત્કાર ગુજાર્યા તે બાદ લગ્ન કરી હિંદુ ધર્મ છોડી દઈ મુસ્લિમ ધર્મ અપનાવવા ફરજ પાર્ટનર સમીર અબ્દુલ કુરેશી નામના યુવકની ગોત્રી પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ માં થયેલી ફરિયાદ મુજબ ગોત્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી યુવતીએ આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે સોશિયલ મીડિયા પર પોતાનું નામ માર્ટિન સેમ અને પોતે ખ્રિસ્તી ધર્મ અપનાવે છે તેમ જણાવી મારી સાથે સંપર્કમાં આવ્યો હતો તેની સાથે સંપર્ક થયા બાદ એક હોટલમાં લઈ જઈ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો અને તેના ફોટા પાડી વાયરલ કરાવી દઈશ તેમ કહી અવારનવાર શારીરિક સંબંધ બાંધતો રહ્યો હતો.

આખરે તેણે વારંવાર બળાત્કાર કરતા બે વખત અબોશન કરાવવામાં આવ્યું હતું ત્યારબાદ ૨૦૨૧માં તેણે લગ્ન કર્યા હતા લગ્ન બાદ તેના પરિવારજનો દ્વારા ખબર પડી હતી કે તે ખ્રિસ્તી નથી પરંતુ મુસ્લિમ છે અને તેનું સાચું નામ સમીર અબ્દુલ કુરેશી છે .

યુવતીએ આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અગાઉ ધર્મ છુપાવીને બળજબરીપૂર્વક બળાત્કાર કર્યો ત્યારબાદ લગ્ન કર્યા અને તે બાદ તેના પરિવારજનો દ્વારા હિંદુ ધર્મ છોડી ગઈ મુસ્લિમ ધર્મ અપનાવવા ફરજ પાડી જ્ઞાતિ વિરુદ્ધ ઉચ્ચારણો કરતા રહ્યા અને માનસિક ત્રાસ આપતા હતા. યુવતીની ફરિયાદના આધારે ગોત્રી પોલીસે બળાત્કાર ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ અને એટ્રોસિટીના ત્રણ કાયદા મુજબ યુવક સમીર અબ્દુલ કુરેશીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાગેડુ મેહુલ ચોકસીને ડોમિનિકાની કોર્ટે જેલમાં ધકેલ્યો

ન્યુ દિલ્હી,
પંજાબ નેશનલ બેંક કૌભાંડના આરોપી મેહુલ ચોક્સીને હવે પોલીસ કસ્ટડીમાંથી શિફ્ટ કરીને જેલમાં પહોંચાડી દેવામાં આવ્યો છે. જોકે મેહુલ ચોક્સી હજુ પણ હોસ્પિટલમાં જ છે અને તેની સારવાર ચાલી રહી છે. ડોમિનિકાની એક કોર્ટે ગુરૂવારે આવો આદેશ આપ્યો હતો. મેહુલ ચોક્સીના વકીલ વિજય અગ્રવાલના કહેવા પ્રમાણે મેહુલ ચોક્સીને પોલીસ કસ્ટડીમાંથી કાઢીને જેલની કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે પરંતુ તેની તબિયતમાં સુધારો આવે ત્યાં સુધી તે હોસ્પિટલમાં જ રહેશે. મેહુલ ચોક્સીની લીગલ ટીમે કોર્ટને મેડિકલ સર્ટિફિકેટ સોંપ્યા હતા જેમાં મેન્ટલ સ્ટ્રેસ અને બ્લડ પ્રેશરની મુશ્કેલી અંગેની જાણકારી આપવામાં આવી છે. મેહુલ ચોક્સી પર ભારતમાં પંજાબ નેશનલ બેંકને ૧૩,૫૦૦ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડવાનો આરોપ છે. મેહુલ ચોક્સી લાંબા સમયથી એન્ટીગુઆમાં હતો પરંતુ મે મહિનાના અંતિમ સપ્તાહ દરમિયાન તે કોઈ રીતે ડોમિનિકા પહોંચ્યો હતો જ્યાં પોલીસે તેની ધરપકડ કરી હતી. ભારત મેહુલ ચોક્સીને પાછો લાવવા પ્રયત્ન કરી રહ્યું છે પરંતુ હાલ ડોમિનિકાની કોર્ટમાં પ્રત્યાર્પણ માટેની સુનાવણી ટળી ગઈ છે.

# દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનો ઉપર ભાવપત્રકનો સુચક બોર્ડ ના મૂકાતા ગરીબ ધારકો પાસેથી વધારે રૂપીયા લેવાતા કોણ બંધ કરાવશે ?

દે.બારીયા,
દે.બારીયા તાલુકાની પંડીત દિનદયાલ સસ્તા અનાજની દુકાનો કાર્યરત છે. આ પુરવઠા વિભાગની દુધ આપતી ગાય સમાન છે. જેથી દુકાનના સંચાલકો દબંગો છે. તેના કારણે સરકારી દુકાનો ઉપર ભાવ સૂચક બોર્ડ મુકવામાં આવતા નથી. ગત વર્ષમાં પુરવઠા વિભાગના દ્વારા સસ્તા અનાજના ઘઉં, ચોખા, ખાંડ, દાળ, તેલ, કેરોસીનના ભાવ મુજબના સૂચક બોર્ડ મુકવાનો આદેશ જારી કર્યો હતો. બે-ચાર મહિનામાં સૂચક ભાવના બોર્ડ ઉપર દર્શાવવામાં પણ આવ્યા હતા પછી તે બોર્ડને દુકાનદારો એ સોચી સમજી સાજીસ કરીને નાબુદ કરી નાખ્યા છે. તેને પુનઃ કોણ અને કયારે ચાલુ મારી અને દૈનિક તારીખ અને વાર સાથે લખેલા દેખવા મળશે ખરા ?

મળતી માહિતી અનુસાર ગત વર્ષોનું આ બોર્ડ અંગેનો અમલવારી કરાતા ગરીબ કાર્ડધારકો માટે આર્શીવાદ સાથે આવકાર્યો હતો. દે.બારીયા તાલુકાના અને ગ્રામ્ય અને સ્થાનિકની દુકાનો ઉપર ઘઉં, ચોખા, મોરસ, ખાંડ, દાળ અને કેરોસીનના સરકારી ધારાધોરણ મુજબના ભાવ લખેલા સૂચક બોર્ડ મુકવાનો આદેશ કોણ કરશે. હાલમાં કોઈ દુકાનો ઉપર બોર્ડ ગાયબ છે. તેને પૂનઃ સ્થાપિત કરવાના રહયા તાલુકા પુરવઠા નાયબ મામલતદારને માસીક હપ્તો પહોંચી જાય એટલે સબ સલામત છે ? જેથી સંચાલકો મનમાની મુજબ ગરીબોના કાર્ડ દીઠ ૧૫ થી ૨૦ રૂપીયા વધારે પડાવાતો હોવાની ગરીબ લાભાર્થીઓમાં ગણગણાટ છે.

હાલમાં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ રાષ્ટ્ર જોગ સંબોધનમાં ગરીબ કુટુંબોને મફત અનાજ દિવાળી સુધી આપવામાં આવશે પરંતુ તેનો લાભ ગરીબો સુધી સમયસર પહોંચે છે કે નહીં તેની મોનીટરીંગ જીલ્લા અને તાલુકા તંત્ર એ કરી છે ખરી જવાબના ગોડાઉન માંથી કટ્ટા દીઠ અનાજ ઓછો આવતા ડંકાનો ચોટે દુકાનદારો કરે છે. અમને ઓછો મળે છે તો અમે પણ લભાર્થીઓને ઓછું આપીશું તેમજ કોઈ કોઈને તમારો અંગુઠો એટલે ફીંગર આવતો નથી અથવા સર્વર બંધ છે. આમ, બહાના બતાવીને મફત અનાજ સગેવગે કરતા ખચકાતા નથી. કારણ હપ્તા તો સરકારી બાબુઓને પહોંચતા કરીએ છે. તેના લીધે ગરીબ લાભાર્થીઓનું અનાજ ખાવામાં શકમાતા નથી. આને માણસાઈ કહેવાશે કે પછી દબંગગીરી કહીએ તો સાચું ગણાશે તે કહેવું મુનાસીબ છે. જેથી દિવાળી સુધી મફત અનાજ આપવાની ઘોષણા થઈ છે. તો તમામ ગરીબ લાભાર્થીઓને પૂરેપુરો અનાજ ઘઉં, ચોખા, દાળ, ખાંડ મળી રહે તેવા સઘન પ્રયાસ કરવા જોઈએ. જે મે-૨૧ની ખાંડ સગેવગે બધાની મેળાપીપણાથી થઈ છે. તેનું હવે થી પુનરાવર્તન ના થાય તે માટે મુખ્ય સચિવશ્રીઓને પણ ચાપતી નજર રાખવાની રહી જેની આમ ગરીબ લાભાર્થીઓની માંગ છે. અને કેન્દ્ર સરકારનો આદેશ અનુસાર રજાના દિવસે પણ દુકાનો ખુલ્લી રાખી અનાજનો જથ્થાનો વિતરણ થાય.

# ફતેપુરાના ઝાલોદ થી સુખસર જતા માર્ગ ઉપર ટ્રકમાં લઈ જવાતો ૩.૨૪ લાખનો દારૂ ઝડપ્યો

ફતેપુરા,
દાહોદજિલ્લાના ફતેપુરા તાલુકાના ઝાલોદથી સુખસર તરફ જતાં માર્ગ પર પોલીસની નાકાબંધી દરમ્યાન એક ટ્રકમાંથી પોલીસે રૂા. ૩,૨૪,૦૦૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ટ્રકના ચાલક સહિત બે જણાની અટક કર્યાનું જાણવા મળે છે.

રાજસ્થાન રાજયના ઉદેપુર તથા બાંસવાડા જિલ્લામાં રહેતાં શંકરભાઈ પ્રેમાજી ગાયરી તથા તેની સાથે જીતુલાલ મંગુભાઈ પટેલ આ બંન્ને જણા ગત તા.૧૭.૦૬.૨૦૨૧ના રોજ પોતાના કબજાની એક ટ્રક લઈ ફતેપુરા તાલુકાના ઝાલોદથી સુખસર તરફ જઈ રહ્યાં હતાં. આ દરમ્યાન પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે આ સ્થળે વોચ ગોઠવી ઉભા હતાં ત્યારે આ ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લીધી હતી અને ટ્રકમાં સવાર ઉપરોક્ત બંન્નેની અટકાયત કરી ટ્રકની તલાસી લેતાં પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૪૫ જેમાં બોટલો નંગ.૨૧૬૦ જેની કુલ કિંમત રૂા.૩,૨૪,૦૦૦ના પ્રોહી મુદ્દામાલસાથે ટ્રકની કિંમત વિગેરે મળી મળી કુલ રૂા.૬,૩૪,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે સુખસર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લા માંથી ૩ બાઈકોની ચોરી કરતાં વાહન ચોરો

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ અને દાહોદ તાલુકામાંથી મળી કુલ ૦૩ મોટરસાઈકલોની કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

ઝાલોદ તાલુકાના માંડલીખુંટા ગામે રહેતાં સંજયભાઈ કનૈયાલાલ ગારીની અને કાળીદાસભાઈ અમરસીંગબાઈ બારીયાની ગત તા.૧૧મી જુનના રોજ ઝાલાદે સરકારી દવાખાનાની આગળ લોક મારેલ બંન્ને મોટરસાઈકલોને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સંજયભાઈ કનૈયાલાલ ગારીએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજો બનાવ દાહોદ શહેરના બુરહાની સોસાયટી, પ્રાંત અધિકારીની ઓફિસની બાજુમાં બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૫મી જુનના રોજ આજ વિસ્તારમાં રહેતાં કલીમુદ્દીન અસગરઅલી કુવાઝરવાલાએ પોતાનું મોપેડ ટુ વ્હીલર વાહન પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કર્યું હતું. આ મોપેડ ટું વ્હીલર ગાડી કોઈ અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કલીમુદ્દીન અસગરઅલી કુવાઝરવાલાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનોં નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ ઝીરો થતાં તંત્રમાં રાહત

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે પણ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ઘટતાં કોરોના સંક્રમણ વચ્ચે દાહોદ શહેર સહિત જિલ્લામાં લોકોમાં અગાઉ જેવો કોરોનાનો ભય ઓછો થઈ રહ્યો છે અને લોકો સાવચેતી પણ રાખી રહ્યાં છે.

આર.ટી.પી.સી.આર.ના અને રેપીટ ટેસ્ટના ૨૧૯૨ મળી આજે એકપણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી. આજે કોરોનાથી એક પણ દર્દી સાજો થયો ન હોવાને કારણે રજા પણ આપવામાં આવી ન હતી. ત્યારે દાહોદ જિલ્લામાં માત્ર ૦૭ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી કુલ ૩૩૮ લોકો પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૨ને પાર થઈ ગયો છે.

# રજનીશ ગણાવા જણાવે છે કે, કોવીડ વેક્સિન છે સુરક્ષિત, સૌ યુવાનો સત્વરે વેક્સિન લઈ લે

દાહોદ,
કોરોનાની ત્રીજી લહેર સામે રાજય સરકાર તેમજ જિલ્લા તંત્ર સજ્જ બન્યું છે. ત્યારે નાગરિકો પણ કોરોના સામે બચાવ માટે વેક્સિન લેવા આગળ આવે તે જરૂરી છે. કોરોનાની વેક્સિન બાબતે ઘણી ગેરમાન્યતાઓ તેમજ અફવાઓ લોકોમાં પ્રવતે છે. પરંતુ લાખો લોકોએ વેક્સિન લઈને આ તમામ બાબતો ખોટી પૂરવાર કરી છે. દાહોદ જિલ્લામાં અત્યારે ૧૮ થી ઉપરના તમામ લોકોને વેક્સિન આપવામાં આવી રહી છે. ત્યારે યુવાનોનો પણ એટલો જ સહકાર મળી રહ્યો છે. અત્રે દાહોદ નગરમાં યોજાયેલા વેક્સિનેશન કેમ્પ ખાતે સેવારત એનએસએસના યુવાન રજનીશ ગણાવાએ પોતે તો વેક્સિન લીધી જ છે, સાથે અન્ય યુવાનો પણ કોવીડ વેક્સિનેશન અભિયાનમાં જોડાઇ એ માટે પ્રયાસરત છે.

રજનીશ ગણાવા જેમની ઉંમર ૨૦ વર્ષ છે તેઓ કોરોનાની વેક્સિન લીધા બાદ જણાવે છે કે, મેં અત્રેના વેક્સિનેશન કેમ્પમાં જ વેક્સિન લીધી છે અને આ વેક્સિનની કોઇ જ આડઅસર થઇ નથી. વેક્સિનેશન કેમ્પમાં સેકડો યુવાનોએ વેક્સિન લીધી છે. પરંતુ કોઇને પણ કોઇ આડઅસર થઇ નથી. જિલ્લાના યુવાનોને મારી નમ્ર અરજ છે કે, સત્વરે કોરોનાની વેક્સિન લઇ લે અને કોરોના મહામારીના સંક્રમણથી સુરક્ષિત થઇ જઇએ. વેક્સિન લેવા માટે ઘરના લોકો તેમજ અન્ય લોકોને પ્રેરણા પૂરી પાડવી જોઇએ. જેથી વધુમાં વધુ લોકો વેક્સિન લઇ લે.

# દે.બારીઆના પીપલોદ ગામેથી ફોર વ્હીલનું સાઈલેન્સરની ચોરી

દે.બારીઆ,
દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામેથી એક ફોર વ્હીલર ગાડીનું સાયલેન્સ કિંમત રૂા.૧૫,૦૦૦નું કોઈ અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

પીપલોદ નગરમાં તળાવ પાસે રહેતાં મધુબેન રાજેશકુમાર શાહની ફોર વ્હીલર ગાડીનું ગત તા.૦૭મી જુનના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ગાડીનું સાયલેન્સર કિંમત રૂા.૧૫,૦૦૦નું ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મધુબેન રાજેશકુમાર શાહે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દ્વારા વેબીનારનું આયોજન

દાહોદ,
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે ઈન્દ્રાસીલ યુનિવર્સિટી (કેડીલા ફાર્માસ્યુટિકલ લીમીટેડ)ના સંયુકત ઉપક્રમે તા.૧૮.૦૬.૨૦૨૧ના રોજ ક્રોમેટોગ્રાફી ટેકનીકસ વિષય ઉપર વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાર્માસ્યુટીકલ ઈન્ડ્રસ્ટ્રીમાં ડ્રગ્સ સેપરેશનમાં તેમજ રિસર્ચમાં કમ્પાઉન્ડ સેપરેશન માટે ઉપયોગી ટેકનીક્સ પર ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યું અને રિસર્ચ દરમ્યાન ખુબ ઉપયોગી હોય છે. આ વેબીનારમાં વિદ્યાર્થી ભાઈ, બહેનો અને સ્ટાફ મળી કુલ ૨૯૪ સભ્યોએ સક્રિય ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નવજીવન સાયન્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. એચ.આર.ડાભી અને રસાયણ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ગૌરાંગ ખરાદીએ કર્યું હતું.

# પીપલોદ ગામે જાહેરમાં ફરક આંકમાં જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપ્યા

દે.બારીઆ,
દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે જાહેરમાં આંક ફરકનો જુગાર રમી રહેલ ત્રણ જણાને પોલીસે દબોચી લઈ અંગ ઝડતીમાંથી કુલ રૂા.૧૧,૩૭૦ ની રોકડ કબજે કરી જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી જુનના રોજ દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે તળાવની સામે ભારતસિંહ અમરસિંહ રાજપુત (રહે.રહે.પીપલોદ), ગોવિંદભાઈ પ્રતાપભાઈ પટેલ (રહે.સાલીયા, તા.દેવગઢ બારીઆ) અને સુલેમાન ઈબ્રાહીમ શેખ (રહે.ગોધરા,તા.ગોધરા) આ ત્રણેય જણા જાહેરમાં આંક ફરકનો આંકડો લખી, લખાવડાવી હાર જીતનો જુગાર રમી રહ્યાં હતાં. આ અંગેની બાતમી દેવગઢ બારીઆ પોલીસને થતાં પોલીસે સ્થળ પર ઓચિંતો છાપો માર્યો હતો અને ઉપરોક્ત ત્રણેય જણાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે ત્રણેયની અંગ ઝડતીમાં કુલ રૂા.૧૧,૩૭૦ની રોકડ રકમ કબજે કરી ત્રણેય વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 253

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# કાલોલ તાલુકા પંચાયત કચેરી બોડી બામણી સમાન બન્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

ગોધરા,

કાલોલ તાલુકાના પંચાયત કચેરી ખાતે અલગ-અલગ તાલુકાને તગતા વિભાગ આવેલ છે. આ વિભાગમાં હોદ્દકીય અધિકારીઓની ખુરશી-ટેબલ હોય છે. પરંતુ આવી ખુરશી ટેબલને તાલુકા પંચાયતમાં આવતાં કેટલાક પૈસા પાત્ર લોકો કચેરીમાં અધિકારી અને કર્મચારી માટે વિભાગની કચેરીને બોડી બોમણીના ખેતર સમાન હોય તેમ પોતાનો જાણે રૂવાબ દેખાડી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. હાલ તાલુકા કચેરીમાં અધિકારી કે કર્મચારી વગર ખુલ્લી પડી રહેતાં કેટલાક રીટાયર તલાટીઓ આને તલાટીના હોદ્દા પછી માહીર બની ગયેલ મહાનુભા કચેરીમાં પોતાના જાતને મોટું માથું સમજીને હાલ કાલોલ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલી કેટલીક ગ્રામપંચાયતોમાં કોન્ટ્રાક્ટ તરીકે કામ કરતા હોય હોવાનું પણ જણાઈ આવે છે. જોકે તલાટીના સમયકાળ દરમ્યાન માહીર અને જાણે રાજકીય ઓફિસમાં બેઠા હોય તેવું વર્તન થતું હોય તેવું લાગી રહ્યું છે. ઉલ્લેખનીય એ છેકે મોટા માથા તરીકે જણાતાં આ બેસેલા હોવા છતા કાંઈ કહી નથી શકતા અને રૂવાબદાર કોન્ટ્રાક્ટ બિન્દાસ જાણે રાજપાટ પર બેઠા હોય અને કર્મચારીઓ તેમના વજીર હોય તેવું છે કે શું ? જેથી કરીને પોતાની ખુરશી માં બેઠેલા કોન્ટ્રાક્ટ ને કાંઈ પણ કહી નથી શકતા ? જ્યારે કેટલાક વિભાગમાં ખાતાકીય કામ કરતાં અંજાણ વ્યક્તિ ટેબલ પર પગ ચડાવી બેસી જાણે તાલુકા પંચાયત કચેરીને બોડી બામણીના ખેતર સમાન ગણતા હોય છે કે શું ? કાલોલ તાલુકા પંચાયતના

- સરકારી કચેરીમાં નિવૃત કર્મચારી જાણે મોભાદાર વગ ધરાવતા હોય તેમ ટેબલ ઉપર પગ ચડાવીને રૂઆબ મારતા જોવા મળ્યા.
- કાલોલ પંચાયતના અંધેર વહીવટી માટે જીલ્લા તંત્ર હરકતમાં આવશે ખરું ???

વગ ધરાવતા હોય એવો ફોક રાખી તાલુકા પંચાયત કચેરી ખાતે સરકારી કર્મચારીઓની ટેબલ-ખુરશી પર પોતાની કોન્ટ્રાક્ટની લીલા ભોગવતાં હોય તેમ લાચાર કર્મચારીઓ પણ આમણે પોતાના હોદ્દાના ખુરશી-ટેબલ પર આવા અંધેર વહીવટ સામે જિલ્લા તંત્ર દ્વારા હવે શું પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.

# ગોધરામાં પોલીસે CCTV ફુટેજની મદદથી ચડ્ડી બનીયાન ગેંગના બે આરોપીને ઝડપ્યા



ગોધરા,

ગોધરા શહેર હોકલાની વાડી વિસ્તારમાં ચોરીની કોશીષ સંબંધે થયેલ ફરિયાદના આધારે પોલીસે સીસી ટીવી ફુટેજ ચેક કર્યા હતા. સીસી ટીવીમાં ચડ્ડી બનીયાન ગેંગના માણસો નાશતા જોવા મળ્યા હતા. અને ફળીયામાં ફુગ્ગા વેચવા આવેલ ઈસમો રેકી કરતા હોવાનું જણાઈ આવ્યંુ હતું. તેના આધારે પોલીસે ફુગ્ગા વેચવા ઉભેલ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા અને પુછપરછ કરતા ગુનાની કબુલાત કરી હતી અને અન્ય વિસ્તારોમાં ચોરી કર્યાની કબુલાત કરી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરના હોકલાની વાડી વિસ્તારમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ અંગે પોલીસમાં થયેલ ફરિયાદ કરાઈ હતી. જેના આધારે પોલીસે સીસી ટીવી ફુટેજ ચેક કર્યા હતા. સીસી ટીવી ફુટેજમાં ચડ્ડી બીનયાન ગેંગના ઈસમો નાશતા જોવા મળ્યા હતા. સીસી ટીવીનું નિરીક્ષણ કરતા ફુગ્ગા વેચવાવાળા ઈસમો જેવા લાગી રહ્યા હતા. જેના આધારે પોલીસે ખાનગીરાહે તપાસ હાથ ધરી હતી અને બાતમી મળી હતી કે જહુરપુરા ખાતે ફુગ્ગા વેચવા ઉભેલ બે ઈસમોને પોલીસે ઝડપ્યા હતા અને પોલીસ મથકે લાવીને પુછપરછ કરાઈ હતી. પોલીસ પુછપરછ દરમ્યાન બન્ને ઈસમો એ ગુન્હાની કબુલાત કરી હતી અને ગોધરાની અન્ય વિસ્તારમાં ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી. પોલીસે ઝડપાયેલ બન્ને ઈસમો પ્રેમસુન દુધસિંહ ગોપી જાતે ચમાર, સિક્ંદર બાલચંદ અમાર (એમ.પી.)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેની પોલીસે કડકાઈ થી પુછપરછ કરતા ગોધરાના દયાલ કસ્બા કોલેજ પાછળની સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવી એલ.ઈ.ડી. ટીવી., ગેસના બોટલો અને ચાંદીના કડાની ચોરી કરી હતી. જ્યારે ગોન્દ્રા ટીવી સ્ટેશન વિસ્તારમાં બંધ મકાન માંથી તિજોરી તોડી સોનાના દાગીના અને રોકડની ચોરી કર્યાની કબુલાત કરી હતી. પોલીસે બન્ને ઈસમો દ્વારા અન્ય કેટલી ચોરીને અંજામ આપ્યો છે. તેની તપાસ કરાઈ રહી છે.

# ગોધરામાં નગરમાં ગંદકીનું સામ્રાજય : નગર પાલિકાના અધિકારીઓના ઘરે ફરજ બજાવતાં સફાઈ કર્મીઓ



ગોધરા,

ગોધરા નગર પાલિકાની હદમાં આવેલ અનેક વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજય જોવા મળી રહયું છે. ત્યારે બીજી તરફ પાલિકાના સફાઈ કર્મચારીઓ અધિકારીઓના ઘરોમાં સાફ-સફાઈ માટે જતા હોય છે. ત્યારે આવા આધિકારીઓ સબક શિખવાડવામાં આવે તેવી સામાજીક કાર્યકર દ્વારા નગરજનોને અપીલ કરાઈ છે.

ગોધરા નગર પાલિકા વિસ્તારના રહિશો સમયસર પાલિકાના વેરાઓ ભરતા હોય છે અને કોઈ મિલ્કતધારક વેરો ચુકવવાનો બાકી હોય ત્યારે પાલિકા કર્મચારી વેરા વસુલાત માટે દોડી આવતા હોય છે. પરંતુ શહેરાના અનેક વિસ્તારોમાં સાફ-સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. આ વિસ્તારોમાં સફાઈ કામદારો સફાઈ માટે જતા નથી. ત્યારે બીજી તરફ પાલિકા માંથી સફાઈ

**સામાજીક કાર્યકર દ્વારા સફાઈ જેવી સુવિધા થી વંચિત નગરજનોને વેરો નહિ ભરવા અપીલ કરી**

કર્મચારીઓને વેતન મળતું હોવા છતાં આવા કર્મચારીઓને જે સફાઈ કામગીરી કરવાની થતી હોય છે. તે નહિ કરીને પાલિકા કચેરીના અધિકારીઓને ત્યાં કામ કરવામાં આવતું હોય છે. ત્યારે જો પાલિકા તંત્ર સફાઈ જેવી સુવિધા નગરજનોને પુરી પાડવામાં નિષ્ફળ રહેતી હોય ત્યારે આવી સુવિધા થી વંચિત રહેતા શહેરી વિસ્તારના નગરજનો દ્વારા પાલિકાના વેરા ભરવાનું બંધ કરીને પાલિકા અધિકારીઓને સબક શિખવાડવાની જરૂર છે અને સફાઈ જેવી સુવિધા થી વંચિત સોસાયટીના રહિશોને સામાજીક કાર્યકર સંજયભાઈ ટહેલ્યાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## શહેરાના ખાંડીયા ગામે ૫૫ વર્ષીય આધેડ જંતુનાશક દવા પી જતાં સારવાર અર્થે ખસેડાયા

શહેરા,

શહેરા તાલુકાના ખાંડીયા ગામે રહેતા ૫૫ વર્ષીય આધેડે પોતાના ખેતરમાં કોઈ અગમ્યકારણોસર જંતુનાશક દવા પી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ખાંડીયા ગામે રહેતા પ્રતાપસિંહ બળવંતસિંહ પરમાર પોતાના ખેતરમાં કોઈ અગમ્યકારણોસર લાગી આવ્યું હોય જેને લઈ ઘાસમાં છાંટવાની જંતુનાશક દવા પી ગયેલ હતા. તેઓને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

## હાલોલના પાવાગઢમાં વરસાદી માહોલ વચ્ચે કુદરતી સૌંદર્ય સોળે કળા એ ખીલ્યું


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

પંચમહાલના હાલોલ-પાવાગઢમાં બે દિવસ થી વરસાદી માહોલ જામ્યો છે. પાવાગઢ ડુંગર અને તળેટીમાં વરસાદી વાતાવરણને લઈ પ્રાકૃતિક સૌંદર્ય સોળે કળા એ ખીલ્યું છે.

પાવાગઢ ડુંગર ઉપર વરસાદી માહોલને લઈ જાણે ડુંગર ઉપર વાદળોની ફોજ ઉતરી આવી હોય તેવું સૌંદર્ય જોવા મળી રહ્યું છે. ચારે તરફ જંગલ વિસ્તાર થી ઘેરાયેલ ડુંગર ઉપર કુદરતી નજરો જોવા મળી રહ્યો છે. પાવાગઢ ખાતે દર્શનાર્થે આવતાં પ્રવાસીઓ કુદરતી વાતાવરણ વચ્ચે આનંદની અનુભૂતિ મેળવી રહ્યા છે.

## ઘોઘંબા તાલુકામાં આર્મી ભરતી માટે પાંચ ફોર્મ ભરાયા ૩૭ લોકોએ ઈન્કવાયરી કરી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

સરકારના રોજગાર વિભાગ દ્વારા ઘોઘંબા બી.આર.સી ભવન ખાતે તાલુકાના યુવાનો માટે નિઃશુલ્ક ઓનલાઈન ફોર્મ ફિલિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે. જેમાં અત્યાર સુધી કુલ પાંચ ફોર્મ ભરાયા છે. જ્યારે ૩૭ લોકોએ ભરતી વિશે ફોર્મ ભરવાની પ્રક્રિયાની માહિતી મેળવી હતી.

## મોરવા (હ) તાલુકાના કડાદરા ગામ પાસે ફોર વ્હીલ પલટી મારતા ૧૦ લોકોને ઈજાઓ


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),

મોરવા તાલુકાના કડાદરા ગામ ભાથીજી મંદિર પાસે ટાટા એસી ટેમ્પો પલટી મારતા ૧૦ જેટલા વ્યક્તિ ઓ ઈજાગ્રસ્ત થયા હતા. તે વ્યક્તિઓ સવાર ૯ વગ્યા નાં સુમારે કડાદરા થી નગલોદ તરફ જઈ રહ્યા હતા તે સમયે ટેમ્પો ચાલક ઈસ્ટેરિંગ પર નો કાબુ ગુમાવતા ટેમ્પો પલ્ટી ખાઇ ગયો હતો. તેમાં બેઠેલા દશ જેટલા વ્યક્તિ ઓને નાની મોટી ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા મોરવા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા અને અને વધુ ઈજાગ્રસ્ત વ્યક્તિઓને ગોધરા ખસેડવામાં આવ્યા હતા.

## ગોધરા રેલવે સ્ટેશન ખાતે મોટી સંખ્યમાં રેલ કર્મચારી એકઠા થઈ સરકાર વિરોધી સુત્રોચાર કરી વિરોધ દર્શાવ્યો


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

દેશભરમાં વેસ્ટર્ન રેલવે મઝદુરસંઘ દ્વારા માંગ દિવસની ઉજવણીના ભાગ રૂપે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આજે ગોધરા રેલવે સ્ટેશન ખાતે મોટી સંખ્યમાં રેલ કર્મચારી એકઠા થઈ સરકાર વિરોધી સુત્રોચાર કરી વિરોધ દર્શાવ્યો હતો,વર્ષ ૨૦૨૦ નુંમોંઘવારી ભથ્થું, ડીએ એરીયર્સ નાઈટ ભથ્થું, તેમજ રેલ વિભાગના ખાનગીકરણ રોકવા વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ભરવા સહિતની માંગોને લઈ રેલ કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. રેલ કર્મીઓની માંગો ધ્યાને લેવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી સંઘના નેતાઓ દ્વારા ઉચારરવામાં આવી છે.

# સાઈબર ક્રાઈમને અંકુશમાં લેવા ૧૦ જિલ્લામાં નવા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન શરૂ કરાયા



ગાંધીનગર,

હાલના આધુનિક સમયમાં ઈન્ટરનેટ, ડિજિટલ ઉપકરણો, સોશિયલ મીડિયા, નેટ બેક્રીંગ વગેરેનો વ્યાપ દેશ અને દુનિયામાં ખૂબ જ ઝડપથી વધ્યો છે. જેની સાથે સાથે સાઈબર ક્રાઈમ આચરનાર ગુનેગારો પણ અવનવી તરકીબો તેમજ પદ્ધતિઓ અજમાવી સાઈબર ક્રાઈમના ગુનાને અંજામ આપતા હોય છે. આવા ગુનાઓને રોકવા માટે ગુજરાતમાં ૧૦ જિલ્લાઓમાં નવા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા છે. આણંદ, જામનગર, સાબરકાંઠા, પોરબંદર, મહેસાણા, અમરેલી, ભરુચ, કચ્છ પૂર્વ (ગાંધીધામ), વલસાડ, બનાસકાંઠા ખાતે નવા સાઈબર પોલીસ સ્ટેશન ખૂલશે.

સાઈબર ક્રાઈમ આચરનારા ઈસમો ખૂબ જ આધુનિક ટેક્નિકની મદદથી અને મોડસ ઓપરેન્ડીથી નાણાકીય છેતરપિંડી, હેકિંગ, સાઈબર બુલિંગ, ટેલીફિશિંગ, સેક્સટોર્શન તેમજ રેન્ડસમવેર જેવી આધુનિક તકિનકનો ઉપયોગ કરી ગુના આચરી રહ્યા છે. જે ગુજરાત પોલીસ માટે પણ પડકારજનક છે. દિન-પ્રતિદિન સાઈબર ગુનાઓ આચરતા ગુનેગારોની પ્રવૃત્તિઓ વધી રહી છે. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન રાજ્યમાં નોંધાયેલ સાઈબર ગુનાખોરી માં ચીટિંગ, ફ્રોડ, આઈડેન્ટી થેફ્ટ, કોમ્પ્યુટર સંબધિત ગુનાઓની સંખ્યા મહત્તમ હતી.

સાઈબર ગુનાઓને નાથવા માટે અત્યારસુધી રાજ્ય સરકારના ગૃહ વિભાગની સીધી દેખરેખ હેઠળ સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર તથા ગુજરાતમાં ચાર શહેરો અને નવ રેન્જો ખાતે કૂલ ૧૪ સાઈબર પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવેલા છે. જેમાં નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સપેક્ટર, પોલીસ સબ ઈન્સપેક્ટર તથા વાયરલેસ પોલીસ ઈન્સપેક્ટર અને પોલીસ ઈન્સપેક્ટર સહિત હેડ કો. પોલીસ કો. અને રેડીયો ઓપરેટર મળી કુલ. ૮૦૯નું મહકેમ મંજૂર કરવામાં આવેલું છે.

જે અંતર્ગત સાઈબર આશ્વસ્ત પ્રોજેક્ટ, એન.સી.સી.પી.આર. પોર્ટલ અંતર્ગતની કામગીરી સાઈબર વોલેન્ટીયર, ફોરેન્સીક ટૂલ્સ અને કેપેસિટી બિલ્ડિંગ, ફોરેન્સિક ટ્રીપલાઈન, હેલ્પલાઈન, સાઈબર ક્રાઈમ પ્રિવેન્શન અને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રોજેક્ટ શરૂ કરી સાઈબર ક્રાઈમ લગતના ગુનાઓને ઉકેલવાની કામગીરી કરવામાં આવી છે.

## વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર જીપ-ટ્રક વચ્ચે અકસ્માતઃ ત્રણના મોત

વડોદરા,

વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપર દોડકા ગામ પાસે શ્રમજીવીઓ સવાર જીપ અને ટ્રક વચ્ચે મધરાતે ગમખ્વાર અકસ્માત થયો હતો. અકસ્માતમાં એક બાળક સહિત ૩ લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ૧૬ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશના અલીરાજપુર તાલુકાના મહીડા, મેડા અને મોરી પરીવારના ૧૯ વ્યક્તિઓ તુફાન જીપમાં મોરબી મજુરીકામ જવા માટે નીકળ્યા હતા. મજુરી કામે નીકળેલા શ્રમજીવીઓની સાથે પાંચથી છ બાળકો પણ હતા. દરમિયાન ગુરુવારે મધરાતે એક્સપ્રેસ હાઈવે ઉપર દોડકા ગામ પાસે આગળ જતી ટ્રકમાં શ્રમજીવીઓ સવાર તુફાન જીપ ધડાકા સાથે ભટકાઈ હતી. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા અને કુલ ૧૬ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.